بسم اللہ الرحمن الرحیم نحمدہ ونصلی علی رسولہ الکریم وعلی عبدہ المسیح الموعود
لا الٰہ الا اللہ محمد رسول اللہ
دفتر مجلس انصار اللہ بھارت
Office Of The Majlis Ansarullah Bharat
Mohallah Ahmadiyya Qadian-143516, Distt.Gurdaspur (Punjab) INDIA
Ph:+91-1872-220186, Fax: +91-1872-224186, Mob. +91-98154-94687, E-mail:ansarullahbharat@gmail.com
نمبر شمار/Ref ____________ تاریخ/Date ____________

# આંહઝરત (સ.અ.વ.)ના સાચા ગુલામ હઝરત મસીહ મૌઉદ (અ.સ.)ની ઉદારતા અને દાનશીલતાનું પ્રેરણાદાયક અહેવાલ

أَشْهَدُ أَنْ لَا إِلٰهَ إِلَّا اللّٰهُ وَحْدَهُ لَا شَرِيْكَ لَهُ وَأَشْهَدُ أَنَّ مُحَمَّدًا عَبْدُهُ وَرَسُوْلُهُ أَمَّا بَعْدُ فَأَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّيْطٰنِ الرَّجِيْمِ۔
بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ۔ اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ۔ الرَّحْمٰنِ الرَّحِيْمِ۔ مٰلِكِ يَوْمِ الدِّيْنِ۔
إِيَّاكَ نَعْبُدُ وَإِيَّاكَ نَسْتَعِيْنُ۔ اِهْدِنَا الصِّرَاطَ الْمُسْتَقِيْمَ۔
صِرَاطَ الَّذِيْنَ أَنْعَمْتَ عَلَيْهِمْ غَيْرِ الْمَغْضُوْبِ عَلَيْهِمْ وَلَا الضَّآلِّيْنَ۔

**સારાંશ ખુત્બા જુમ્મા સૈયદના અમીરુલ મોમિનીન હઝરત મિરઝા મસરૂર અહમદ ખલીફતુલ મસીહ અલ ખામીસ અય્યદહુલ્લાહ તઆલા બિનસરિહીલ અઝીઝ.**
**તા. 10 જુલાઈ 2026 સ્થળ: મસ્જિદ મુબારક, ઇસ્લામાબાદ, (યુ.કે)**

તશહહુદ, તઆઉઝ, અને સુરાહ ફાતિહા અને સુરાહની તિલાવત બાદ, હુઝુર અનવર અય્યદહુલ્લાહ તઆલાએ ફરમાવ્યું: હઝરત શેખ યાકુબ અલી સાહેબ ઇરફાની(રઝી) હઝરત મસીહ મૌઉદ (અ.સ)ના જીવનચરિત્રનું વર્ણન કરતા લખે છે કે આપ (અ.સ.)ના જીવનમાં ઉદારતા અને બીજું એક પાસું પણ સ્પષ્ટ થાય છે, જેમાં શફાઅત અને મધ્યસ્થીનો રંગ છે. ક્યારેક કોઈ એવો સાએલ આપ (અ.સ.)ની સેવામાં આવતો, જેનો સવાલ પૂરો કરવો આપ (અ.સ.)ના હાથમાં નહોતો, પરંતુ તેનો તાલુક બીજાઓથી હતો. આવી સ્થિતિમાં, આપ (અ.સ.) આ નિયમનું પણ પાલન કરતા કે તેમના ફાયદા માટે, તેઓ એવા લોકોની ભલામણ કરતા જેમને તેઓ પોતાની અંગત જરૂરિયાતો માટે પણ ક્યારેય કંઈ કહેતા નહીં. મિર્ઝા ઇમામુદ્દીન સાહેબ આના કટ્ટર દુશ્મન હતા અને તેમને હઝરત (અ.સ.)ના પરિવાર સાથે અદાવત હતી, પરંતુ હઝરત મસીહ મૌઉદ તેઓની અદાવતને દુન્યવી બાબતોમાં હમેશા અવગણતા હતા. એટલે કે, આપ (અ.સ.)એ તેમના વર્તનમાં ક્યારેય ભેદભાવ રાખ્યો નહીં. તેઓ ઘણીવાર હઝરત મસીહ મૌઉદ (અ.સ.) પાસેથી નાણાકીય મદદ માંગતા અને આ ઉપકાર છતાં, તેઓ આપ (અ.સ.)નો વિરોધ કરતા રહ્યા. એકવાર તેમને એક ઘોડો વેચવો હતો અને આ માટે તેમણે ઘોડાને જમ્મુ લઈ જવા અને હઝરત હકીમ-ઉલ-ઉમ્મત મૌલવી નુરુદ્દીન સાહેબ, ખલીફતુલ મસીહ પ્રથમ દ્વારા રજૂ કરવાની વધુ સારી તક સૂચવી, જેથી તેઓ તેના માટે વાજબી રકમ મેળવી શકે. આને ધ્યાનમાં રાખીને, તેમણે પોતે હઝરત મસીહ મૌઉદ (અ.સ)ને વિનંતી કરી કે આપ (અ.સ.) હઝરત હકીમ-ઉલ-ઉમ્મતને ભલામણ પત્ર લખી આપે.

આપ (અ.સ.)એ તેમની વિનંતીનો અસ્વીકાર ન કર્યો અને ખચકાટ વિના હઝરત મૌલવી સાહેબના નામે ભલામણ પત્ર આપ્યો.

મિર્ઝા મુહમ્મદ બેગ, પિતા મિર્ઝા અહેમદ બેગ હોશિયારપુરીનો પરિવાર ખૂબ જ અધર્મી અને સિલસિલાનો દુશ્મન હતો, તેથી તેમના પરિવાર સાથેના આપ (અ.સ.)ના સંબંધો સુખદ નહોતા. મિર્ઝા મુહમ્મદ બેગ જમ્મુમાં મુલાઝમત (નોકરી) કરવા માંગતા હતા અને તેમણે હઝુર સાહેબને વિનંતી કરી કે તેઓ હઝરત હકીમુલ ઉમ્મતના નામે ભલામણ પત્ર આપે જેથી તેઓ તેમને મદદ કરે. આપ (અ.સ.)એ  ખચકાટ વિના પત્ર લખી આપ્યો, કે ભલે તેમના પિતા મારા પ્રત્યે દુશ્મનાવટ ધરાવે છે, પરંતુ તેમની કઠોરતાના બદલામાં ઉદાર બનવામાં અને શ્રેષ્ઠનું ઇનામ મેળવવામાં કોઈ નુકસાન નથી. તેથી તેમની મદદ કરો અને તેમને પોલીસ વિભાગમાં નોકરી અપાવો.

હઝરત શેખ યાકુબ અલી સાહેબ ઇરફાની લખે છે કે કાદિયાનમાં નિહાલ ચંદ બ્રાહ્મણ નામનો એક માણસ રહેતો હતો જે યુવાનીમાં એક પ્રખ્યાત મુકદ્દમાકાર હતો અને હઝરત સાહેબના પરિવાર સાથે મુકાબલો અને શરારતો કરતો રહેતો. જીવનના અંતમાં, તેની આર્થિક સ્થિતિ ખૂબ જ ખરાબ થઈ ગઈ હતી. ક્યારેક તેને તેની રોજિંદી જરૂરિયાતો પૂરી કરવામાં પણ મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. એક વાર તેઓ હઝરત અકદસ (અ.સ.)ના દરવાજે આવ્યા અને મુલાકાત માટે વિનંતી કરી અને પોતાની વાત રજૂ કરી. આપે તેને સાંત્વના આપી અને ૨૫ રૂપિયા આપ્યા અને ફરમાવ્યું: જ્યારે તમને જરૂરત હોય ત્યારે મને કહેશો. પછી તેની આદત બની ગઈ. તેઓ એક કે બે મહિના પછી આવતા અને વાજબી રકમ લઈ જતાં. એક વાર તેમણે હઝરત ખલીફા અવ્વલ પાસેથી પણ ઉછીના પૈસા લીધા. જ્યારે આપે તેમના વળતરની માંગણી કરી, ત્યારે તેણે કહ્યું: મિર્ઝા જી, તો હંમેશા મને પૈસા આપે છે અને તેના પર હું જીવું છું. આપ (અ.સ.)એ ક્યારેય પૈસા પાછા માંગ્યા નહીં. તેથી આપ (રઝી)એ પણ તેમને છોડી દીધા.

હઝરત મિર્ઝા બશીર અહમદ સાહેબ (રઝી)લખે છે કે પાદરી વોલ્ટર સાહેબ (એમ.એ.) જે વાય.એમ.સી.એ.ના સેક્રેટરી હતા, તેમણે હઝરત મસીહ મૌઉદ (અ.સ.) વિશે પોતાના પુસ્તકમાં લખ્યું છે કે મિર્ઝા સાહેબ પોતાની આદતોમાં સરળ અને ઉદાર લાગણીઓ ધરાવતા હતા. વિરોધીઓના સખત વિરોધ અને સતાવણીનો સામનો કરતી વખતે આપે જે નૈતિક હિંમત બતાવી હતી તે ચોક્કસપણે પ્રશંસનીય છે. માત્ર એક ચુંબકીય આકર્ષણ અને ખૂબ જ સુખદ રીતભાત ધરાવતો વ્યક્તિ જ આવા લોકોની મિત્રતા અને વફાદારી જીતી શકતો હતો, જેમાંથી ઓછામાં ઓછા બે લોકો અફઘાનિસ્તાનમાં પોતાની માન્યતાઓ માટે જીવ આપી દીધો પરંતુ મિર્ઝા સાહેબનો સાથ છોડ્યો ન હતો. મેં કેટલાક જૂના અહમદીઓને પૂછ્યું કે તેઓ અહમદી કેમ બન્યા, તેમાંથી મોટાભાગના લોકોએ સૌથી મોટું કારણ મિર્ઝા સાહેબનો વ્યક્તિગત પ્રભાવ, અસર અને આકર્ષક વ્યક્તિત્વ આપ્યું.

આપ (અ.સ.)એ જે કંઈ કોઈને આપ્યું તે કોઈ દેખાડો કરવા માટે નહોતું, પરંતુ ફક્ત ખુદા તઆલાની ખુશી અને અલ્લાહના લોકો પ્રત્યેની શફકતથી આપ્યું હતું. તેથી, આપ (અ.સ.) સામાન્ય રીતે ખૂબ જ ગુપ્ત રીતે આપતા હતા અને ક્યારેક તેઓ જાહેરમાં બીજાઓને વ્યવહારુ પાઠ આપવા માટે પણ આપતા હતા. આપ (અ.સ.)ને કોઈ પણ વ્યક્તિની વિનંતીને નકારવાની આદત નહોતી અને આ પણ તેમની દિનચર્યાનો એક ભાગ હતો કે તેઓ

કોઈ માંગે તે પહેલાં, તેમની જરૂરિયાતોને સમજીને, કેટલાક લોકોને મદદ કરતા. ૧૯૦૪ માં એકવાર આપે એક નિષ્ઠાવાન મુહાજિરને થોડા પૈસા આપતા કહ્યું કે શિયાળો છે અને તેમને કપડાંની જરૂર પડશે. જોકે તેમના તરફથી કોઈ માંગ નહોતી. પછી આપ (અ.સ.) ખૂબ જ ગુપ્ત રીતે લોકોને આપતા અને મિત્ર અને દુશ્મન વચ્ચે કોઈ ભેદ નહોતો. શેખ ફતેહ મુહમ્મદ સાહેબ કહે છે કે જ્યારે હું હઝરત મસીહ મૌઉદ (અ.સ.)ની સેવામાં આવ્યો, ત્યારે તેઓ હંમેશા મારું ભાડું ચૂકવવા તૈયાર રહેતા. જોકે મને તેની જરૂર નહોતી, હઝરતની ઉદારતાની ભાવના એટલી મહાન હતી કે તેઓ હંમેશા માંગ્યા વિના આપતા અને મારા કિસ્સામાં આવું નહોતું, પરંતુ તેઓ મોટાભાગના લોકોને તે આપતા. કેટલાક લોકો શામ અને અરબથી આવતા અને આપ (અ.સ.) ક્યારેક તેમને તેમની મુસાફરી માટે ખોરાક તરીકે મોટી રકમ આપતા કારણ કે તેઓ ખૂબ દૂરથી આવતા હતા. ક્યારેક લોકો સવાલ ન કરતાં અને એક ચિઠ્ઠી લખતા. કોઈને ખબર ન પડે કે તેમણે માંગ્યું છે, પરંતુ જ્યારે હઝરત અકદસ અંદરથી ભિખારી માટે કંઈક મોકલતા, ત્યારે તે જાણી શકાતું અથવા ક્યારેક તે અંદર આવતા. લેતી વખતે, તેઓ કહેતા, 'બેસો, હું આવું છું.' જ્યારે હઝરત સાહેબ આવતા, ત્યારે ખબર પડતી કે તેઓ ભિખારીને જે જોઈતું હતું તે લાવી રહ્યા હતા, પછી ભલે તે રોકડ હોય કે કપડાં.

દાવા પહેલાં, આપ (અ.સ.)ના ભાઈના લગ્ન સમયે, તેમણે નંગલ બાગબાનાના એક માણસ દ્વારા ચરાવવામાં આવતી કેટલાક બકરાઓ મંગાવ્યાં હતા. એક દિવસ, હઝુર (અ.સ.) ફરવા જઈ રહ્યા હતા ત્યારે આપે રસ્તામાં આ માણસને જોયો. તેમનો દીકરો પણ તેમની સાથે હતો, પણ તે ઉઘાડા પગે હતો. હઝુરે તેની તરફ જોયું અને ફરમાવ્યું: 'મિયાં, તું ઉઘાડા પગે ચાલી રહ્યો છે. શું તમને કાંટા નથી વાગતા?' તેણે કહ્યું, 'હઝુર! મારી પાસે કોઈ જૂતી નથી.' હજુરે પોતાના જૂતા ઉતાર્યા અને તેને પહેરાવ્યા. જ્યારે તેમણે ના પાડી, ત્યારે આપ (અ.સ.)એ ફરમાવ્યું, 'ના! આને પહેરો અને વાપરો.' પછી આપ (અ.સ.) ઉઘાડા પગે ઘરે પાછા ફર્યા. તે સમયે, આપ (અ.સ.) લગભગ વીસ ત્રીસ વર્ષના હતા.

હઝુર (અ. સ.) પોતાના મોહસીન અને પેશવા, આંહઝરત(સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ઉદાહરણને અનુસરીને એક ઉદાર વ્યક્તિ હતા. જોકે, ક્યારેક આપણે એવું પણ જોઈએ છીએ કે તેઓ કોઈ હિકમત અને મસ્લહત માટે ભિખારીને આપવાનું ટાળતા હતા. શેખ યાકુબ અલી સાહેબ લખે છે કે ૧૮૮૯ માં, આપ (અ.સ.) લુધિયાણામાં હતા. એક ભિખારી આપ (અ.સ.) પાસે આવ્યો અને કહ્યું કે મારા અઝીઝ (પ્રિય)નું અવસાન થયું છે. મારી પાસે કફન દફન માટે કોઈ વ્યવસ્થા નથી. હઝરત મસીહ મૌઉદ (અ.સ.)એ મુકર્રમ કાઝી ખ્વાજા અલી સાહેબને ફરમાવ્યું કે તેની સાથે જાઓ અને કફન દફનનો સમાન આપવો. સામાન્ય રીતે હઝુર (અ.સ.)ની આ આદત નહોતી, પરંતુ તેઓ ભિખારીને આપી દેતા હતા. કાઝી સાહેબ ભિખારી સાથે ગયા અને થોડા સમય પછી હસતા હસતા પાછા ફર્યા અને કહ્યું કે ભિખારીએ  વિનંતી અને ખુશામત કરવાનું શરૂ કર્યું કે તે ન જાય, જે આપવુ છે તે આપો. મેં કહ્યું ના! મને આમ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે, તેથી તેમણે કહ્યું કે ન તો કોઈ મૃત્યુ પામ્યું છે અને ન તો કફનની જરૂર છે. આ મારો વ્યવસાય છે. હવે મને પરેશાન કરશો નહીં અને તે ચાલ્યો ગયો.

આપ (અ.સ.) બાળકોની ઇચ્છાઓ પણ પૂરી કરતા હતા. બીબી રાની, માતા અઝીઝ બેગમ અને હકીમ મુહમ્મદ ઓમર સાહેબના પત્ની તેમણે બયાન કર્યું કે મેં ૧૯૦૧ માં પત્ર દ્વારા બૈઅત કરી. ૧૯૦૨ માં હું કાદિયન

આવી ત્યારે મારી નાની છોકરી મારી સાથે હતી. હઝરત સાહેબ સવારે બગીચા તરફ ફરવા જતા. હું પણ ઘણીવાર તેમની સાથે જતી. એક વાર સવારે જ્યારે હઝરત સાહેબ જમતા હતા, ત્યારે હું પણ આવી ગઇ. મારી નાની છોકરી રડવા લાગી. હઝરત સાહેબે પૂછ્યું કે તેણી શું કહે છે? મેં કહ્યું: તે રોટલી માંગી રહી છે. આપ (અ.સ.)એ તેને રોટલી આપી પણ તે ચૂપ ન થઈ. ફરી પૂછ્યું: હવે શું કહે છે? મેં કહ્યું: તે તે રોટલી માંગી રહી છે જે હઝરત ખાઈ રહ્યા છે. હઝુરે તેણીને તે રોટલી આપી જે હઝુર પોતે ખાઇ રહ્યા હતા અને પછી તે ચૂપ થઈ અને ખાવા લાગી.

હઝુર અનવરે ફરમાવ્યું કે મેં પાછલાં ખુત્બામાં એક પ્રસંગ વર્ણવ્યો હતો કે જ્યારે લંગરનો ખર્ચ વધી ગયો, ત્યારે હઝરત મસીહ મૌઉદ (અ.સ.)એ  ખર્ચને પહોંચી વળવા માટે હઝરત અમ્માજાનના ઘરેણાં વેચી દીધા. આના પર, કોઈએ મને ગયા અઠવાડિયે પૂછ્યું કે શું પત્નીના ઘરેણાં પતિના તસર્રુફ (કબજા)માં આવી શકે છે અને જરૂર પડ્યે ખર્ચ કરી શકાય છે. તેથી એ સ્પષ્ટ હોવું જોઈએ કે હઝરત મસીહ મૌઉદ (અ. સ.) ઉધાર લેતા હતા અને તેને પરત કરતા હતા. તેથી આ વિશે એક રિવાયત છે. હઝરત મિર્ઝા બશીર અહમદ સાહેબ વર્ણવે છે કે હઝરત મસીહ મૌઉદ (અ.સ.)એ હઝરત ઉમ્મુઉલ-મોમિનીન પાસેથી રૂપિયા ઉછીના લીધા હતા. આપે ઘઉં ખરીધા અને લંગરનો ખર્ચ અને ઘરના ખર્ચ પૂરા કર્યા કારણ કે મોટાભાગનું ભોજન આપના ઘરમાં રાંધવામાં આવતો હતો. બાદમાં, આપે ચૌધરી રૂસ્તમ અલી સાહેબ પાસેથી 500 રૂપિયા મંગાવ્યા અને થોડુંક ઘી મંગાવ્યું અને હઝરત અમ્મા જાનનું કર્ઝ (દેવું) ચૂકવ્યું.

એક પ્રસંગ, ભોજનમાં બરકતનો છે. હઝરત મિયાં અબ્દુલ્લાહ સાહેબ સનોરી (રઝી) કહે છે કે એક વાર હઝરત મસીહ મૌઉદ (અ.સ.)એ કેટલાક મહેમાનોની દાવત કરી. ભોજન સમયે, તેટલા જ મહેમાનો બીજા આવ્યા. હઝરત અમ્મા જાને કહ્યું કે થોડી ખેંચીતાણ કરીને ભોજનની વ્યવસ્થા થઇ જશે, પરંતુ જરદો ખૂબ ઓછો છે, તેઓ તેને મોકલતા નથી. હઝરત સાહેબે ફરમાવ્યું: ના! આ યોગ્ય નથી. તમે જરદાનો વાટકો મારી પાસે લાવો. આપે આ વાટકા પર રૂમાલ મૂક્યો અને પછી રૂમાલ નીચે હાથ ફેરવીને જરદામાં આંગળીઓ દાખલ કરી અને પછી ફરમાવ્યું, ‘બધા માટે ભોજન કાઢો.’ જ્યારે આ ભોજન પીરસવામાં આવ્યું, ત્યારે બધાએ ખાધું અને થોડો જરદો પણ  વધ્યો.

આ આપ (અ.સ.)ની ઉદારતા અને દાનશીલતાના કેટલાક પ્રસંગો છે, જેમાં આપે આપના આક વ મોલાને અનુસરવામાં આવું ઉદાહરણ બેસાડ્યું છે. જેનાથી પોતાના અને બીજા બંને, તેમજ દુશ્મનોને પણ ફાયદો થતો રહ્યો.

******

اَلْحَمْدُلِلّٰہِ نَحْمَدُہٗ وَنَسْتَعِیْنُہٗ وَنَسْتَغْفِرُہٗ وَنُؤْمِنُ بِہٖ وَنَتَوَکَّلُ عَلَیْہِ وَنَعُوْذُ بِاللّٰہِ مِنْ شُرُوْرِ اَنْفُسِنَا وَمِنْ سَیِّئَاتِ اَعْمَالِنَا مَنْ یَّھْدِہِ اللّٰہُ فَلَا مُضِلَّ لَہٗ وَمَنْ یُّضْلِلْہُ فَلَا ھَادِیَ لَہٗ وَنَشْھَدُ اَنْ لَّآ اِلٰہَ اِلَّا اللّٰہُ وَنَشْھَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُہٗ وَرَسُوْلُہٗ عِبَادَ اللّٰہِ رَحِمَکُمُ اللّٰہِ اِنَّ اللّٰہَ یَأْمُرُ بِالْعَدْلِ وَالْاِحْسَانِ وَاِیْتَآءِ ذِی الْقُرْبٰی وَیَنْھٰی عَنِ الْفَحْشَآءِ وَالْمُنْکَرِ وَالْبَغْیِ یَعِظُکُمْ لَعَلَّکُمْ تَذَکَّرُوْنَ اُذْکُرُوا اللّٰہَ یَذْکُرْکُمْ وَادْعُوْہُ یَسْتَجِبْ لَکُمْ وَلَذِکْرُ اللّٰہِ اَکْبَرُ۔